॥ સનાતન પરમો ધર્મ ॥ રવિવારી પૂર્તિ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

સોસીયલ મિડીયા

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ નખત્રાણા-કચ્છ

Email : office@sanatandharmpatrika.com | Web : www.sanatandharmpatrika.com

● સં.૨૦૭૮ ● કારતક વદ-૯ ● તા.૨૮-૧૧-૨૧ ● રવિવાર SDP NO:588 MOB.:+91 7801877774,+91 7718977774 ankasantandharmpatrika@gmail.com

વડીલ વંદના ના નેજા હેઠળ

મોજ સાથે એકતા ની પીકનીક : આપણા કેન્દ્ર સ્થાનકમાં

રાજપર યુવક મંડળ ને ૫૦ વર્ષે ની ઉજવણી ના ભાગરૂપે રાજપર ગામના વડીલો ને એક દિવસ ની વડીલ વંદના યાત્રા નો કાર્યક્રમ યોજવામાં આવેલ જેમાં નારાયણ સરોવર, કોટેશ્વર, ખેતાબાપા વિથોણ, લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાન અને ઉમિયા માતાજી વાંઢાય જેવા ધાર્મિક સ્થળો ના દર્શન કરાવ્યા. સાથે લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાના મંત્રી મોહનભાઇ ચોપડા યુવક મંડળ ના પ્રમુખ ધીરજભાઈ છાભૈયા મંત્રી રસીકભાઈ સેંઘાણી તેમજ રાજપર પાટીદાર સમાજ પાટીદાર પ્રગતિ મંડળ અને મહિલા મંડળ ના સર્વે સભ્યો એ હાજરી આપી યાત્રા ને પ્રસ્થાન કરાવેલ.

- પ્રવકતા જીતેશ હળપાણી, (રત્નાપર - માંડવી).

આજે ૨૮ નવેમ્બર ના દિવસે વિશ્વ ની ઘટનાઓ

- ૧૬૬૦માં લંડનમાં રોયલ સોસાયટીની રચના થઈ હતી.
- ટાઈમ્સ ઓફ લંડન ૧૮૧૪માં પ્રથમ વખત ઓટોમેટિક પ્રિન્ટ મશીન વડે છાપવામાં આવ્યું હતું.
- પનામાએ ૧૮૨૧માં સ્પેનથી સ્વતંત્રતા જાહેર કરી.
- ડચ સેનાએ ૧૮૫૪માં બોર્નિયોમાં ચીનના બળવાને દબાવી દીધું.
- બ્રિટિશ સંશોધક વર્ન કેમેરોન ૧૮૭૫માં પશ્ચિમ આફ્રિકા પહોંચ્યા.
- ૧૮૯૩માં મહિલાઓએ ન્યુઝીલેન્ડમાં પ્રથમ વખત રાષ્ટ્રીય ચૂંટણીમાં મતદાન કર્યું હતું.
- અમેરિકામાં જન્મેલી લેડી એસ્ટર ૧૯૧૯માં હાઉસ ઓફ કોમર્સની પ્રથમ મહિલા સભ્ય તરીકે ચૂંટાઈ આવી હતી.
- ફ્રાન્સ અને સોવિયેત સંઘે ૧૯૩૨ માં બિન-આક્રમક કરાર પર હસ્તાક્ષર કર્યા.
- ચીનના વડાપ્રધાન ચૌ એન-લાઈ ૧૯૫૬માં ભારતની મુલાકાતે આવ્યા હતા.
- ડોમિનિકન રિપબ્લિકે ૧૯૬૬ માં બંધારણ અપનાવ્યું હતું.
- વેસ્ટ ઈન્ડિઝના મહાન બોલર માઈકલ હોલ્ડિંગે ૧૯૭૫માં ઓસ્ટ્રેલિયા સામે ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું. તેણે ૬૦ ટેસ્ટમાં ૨૪૯ વિકેટ અને ૧૦૨ વનડેમાં ૧૪૨ વિકેટ લીધી હતી.
- ચૂંટણી પછી, જોન મેજર ૧૯૯૦ માં બ્રિટનના વડા પ્રધાન બન્યા.
- ૧૯૯૬માં, કેપ્ટન ઈન્દ્રાણી સિંહ એરબસ છ-૩૦૦ એરક્રાફ્ટને કમાન્ડ કરનારી પ્રથમ મહિલા બની હતી.
- વડાપ્રધાન આઈકે ગુજરાલે ૧૯૯૭માં પોતાના પદ પરથી રાજીનામું આપ્યું હતું.
- દક્ષિણ કોરિયાએ ૧૯૯૯માં પાકિસ્તાનને હરાવીને એશિયા કપ હોકીનો ખિતાબ જીત્યો હતો, ભારતે મલેશિયાને હરાવીને બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.
- કેનેડાએ ૨૦૦૨માં હરકત-ઉઝ-મુજાહિદ્દીન અને જૈશ-એ-મોહમ્મદ પર પ્રતિબંધ મૂક્યો હતો.
- નેપાળ સરકાર અને માઓવાદીઓ વચ્ચે આર્મ્સ મેનેજમેન્ટ પરની સંધિ ૨૦૦૬ માં પૂર્ણ થઈ હતી.
- બે એશિયાઈ દેશો વચ્ચેના સૌહાર્દપૂર્ણ સંબંધોને કારણે ૨૦૦૭માં બીજા વિશ્વયુદ્ધ પછી પ્રથમ વખત ચીનના યુદ્ધ જહાજો જાપાન મોકલવામાં આવ્યા હતા.

મિશન અભિમન્યુ અપૂર્ણ નહીં પરિપૂર્ણ- નવચેતન રિજીયન

સામાજિક-આધ્યાત્મિક

તા.૨૭ નકવેમ્બર ના રોજ NCR રિજીયન કોલકત્તામા ઓનલાઈન મિશન અભિમન્યુનુ શેસન લેવામાં આવેલ. આ શેસન મા પ્રાતઃપ્રાર્થના ના શ્લોક અને શ્લોકો ના ભાવાર્થ અભિમન્યુ ને સમજણ પડે એ શૈલી માં સમજાવવા માં આવ્યા. અભિમન્યુ એ સાહસ અને સોર્ય ની વાર્તાઓ સાભળી અને અંતમા રાષ્ટ્રગાન ગાઈ સેશન પૂર્ણ કરવામાં આવેલ. સેન્ટર માં બાળકોએ શ્લોક ને હિન્દી મા લખવાની પ્રક્ટીસ પણ શરૂ કરી દીધી છે. લખવા થી બાળકોને શ્લોક બોલતી વખતે ઉચ્ચારણ મા ભુલ નહિ થાય .

કોલકત્તાની શુભદ્રા રૂપી અનેક માતાઓ ને આપણે આ કાર્ય આવકનાર સમય ને વધૂ સક્ષમ અને સાર્થક બનાવવા નું મિશન ને પ્રાથમિકતા આપીને ચારિત્ર્ય ઘડતર ના આ મિશનને ને સફળ બનાવી રહયા છે.

મિશન આભિમન્યુ નામના મહાયજ્ઞમા સમય આપી પાયાના કર્તવ્ય ને સંસ્કૃતિ નું સિંચન કરી ને આગળ વધારી રહયા છે.

મેન્ટર - સોનલ ભગવાનદાશ કેશરાણી NCR રિજીયન કોલકત્તા

એક આરોગ્ય અભિયાન

નિઃશુલ્ક લાલરામ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી

હોમ્યોપેથિક નિદાન સારવાર કેમ્પ

તા. ૨૮-૧૧-૨૦૨૧, રવિવાર સવારે ૯.૩૦ થી ૧.૦૦ સુધી

:: સેવા આપનાર તબીબો ::

ડો. પ્રેમજીભાઇ ગોગારી, ડો. રતન પટેલ, ડો. મીતા પટેલ

સહયોગી : ભોગીલાલ પાટીદાર

દેશલપર સંસ્કારધામ સ્થિત લાલરામ એજ્યુકેશન & ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી હોમ્યોપેથિક સારવાર કેમ્પ , દર મહિનાની આખરી રવિવારે યોજાઈ રહ્યો હતો. જેમાં હજારો લોકો એ અત્યાર સુધીમાં લાભ લીધો છે , તે હોમ્યોપેથિક નિદાન સારવાર કેમ્પ કોરોનાકાળ બાદ , બે વર્ષ પછી ફરી તારીખ ૨૮/૧૧/૨૦૨૧ ને રવિવારે સવારે ૯.૦૦ થી ૧.૦૦ કલાક દરમિયાન કાર્યરત રહેશે.જેની સર્વે નોંધ લેશો જી..

સમાજ સેવા અને માનવસેવા માટે હંમેશા દોડતું વ્યક્તિત્વ ધરાવતા ડો. પ્રેમજીભાઈ ઘોઘારી સાહેબ ની સાથે ડો. રતન પટેલ તેમજ ડો. મીનાબેન પટેલ આ હોમ્યોપેથિક સારવાર કેમ્પમાં તબીબી સેવા આપશે..

મનોજ વાઘાણી (નાના અંગીયા) PRO. યુવાસંઘ પશ્ચિમ કચ્છ રિઝિયન.

સાવધાનઃ લગ્ન મા બેદરકારી થી મહાલતા પેહલા સાવચેતી રાખીએ

આપણા સૌ જ્ઞાતિ પરિવાર જનોને સખેદ જાણાવવાનુ કે આજકાલ આપણી સમાજ સાથે બીજી જ્ઞાતિ ની સમાજોમા પણ લગ્ન ની મૌસમ પુરબહાર ખીલી છે..

આવા શુભ પ્રસંગે સૌ પરિવાર ને આ કોરોના મહામારીનો સામનો કરતા હવે થોડી પરિવાર સ્નેહી સ્વજનોને મળવા ના હરખમા કાઈને કઈક ભુલી જઈએ છીએ..

આવા હમણાં લગ્ન પ્રસંગે જે આપણા ભાઈબહેનો પોતાને સુંદર તો છે એમાં પણ વધુ સુંદર દેખાવવા ની લાહ્ય મા શરીર પર સોના-ચાઁદીના આભૂષણો સાથે સજીધજીને એક આગવી ઓળખ ઉભી કરીએ છીએ.. લગ્ન પ્રસંગ મા જ અનેક વર્ષો વર્ષ ની મહેનતકશ કમાણી નુ ઉદાહરણ રુપ પ્રગટ કરવા નો અવસર મળે છે એવા આ લગ્ન પ્રસંગ સાથે બીજા પણ અનેક પ્રસંગે પહેરાતા આપણા પરસેવાના ઘરેણાં ને સાચવવા પણ આપણીજ જવાબદારી બને છે..

હમણાં ગુજરાત નુ એક નડિયાદ ગામ, જ્યાં આપણી જ સમાજ નો એક પરિવાર આવી ઝપેટમાં આવી ગયો છે..આપણી સમાજનો પ્રતિષ્ઠિત પરિવાર કે જે પોતાના નિયાણા પરિવાર સાથે મામેરાનો શુભ પ્રસંગ દિપાવે એ પહેલાં જ તસ્કરો જે સોના-ચાંદી ના દાગીના ચોરનાર ની ટોળકી આપણા પરિવાર મા મહેમાન રુપે સામીલ થઈ અને બંધ ગાડી કે જે ખોલતાં જ સાઈરન વાગે એવી આધુનિક ગાડીના કાચને હળવેક થી તોડફોડ કરીને સમસ્ત દાગીના સાથે રોકડ રકમ કે જે જીવનભરની મહેનત કરેલ કામની બધીજ મત્તા ઉઠાવી જતાં આ પરિવાર સાથે સમસ્ત ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ એવી શોકની લાગણી પ્રસરી ગઈ છે ..હવે ઉઠો જાગો. અને દરદાગીના રોકડ એવી રીતે સાચવીએ કે જમણા હાથમા સુ છે એ ડાબા ને પણ ખબર ન પડવી જોઈએ..

---બધુ સામાન એક બેગમા ન ભરવા કાળજી રાખવી જેથી ઉપાડનાર ચોર ને સહેલાઈથી એકજ સામાન ન મળે અજાણી દેખાતી કે વિવાદાસ્પદ લાગતી ગમે તેવી વ્યક્તિ ની તરતજ ઘર પરિવાર સમાજ ને જાણ કરવી કે આ અજાણી વ્યક્તિ કોણ છે..ઘણી વાર કેટરિંગવલા, મંડપ ડેકોરેશન વાળા,કે પછી બ્યુટી પાર્લર વાળી બેહનો પણ હોય સકે.

આ વાત હળવાશ થી ન લેતા કોઈપણ શહેર ગામ મા પ્રસંગ પર જતા પહેલા વાડી પાર્ટીપ્લોટ રીસોર્ટ મા સીસીટીવી કેમેરા છે કે નહીતથા સીક્યુરીટી છે કે નહી ચેક કરી લેવું.

અને આપણી સૌની સલામતી રાખવી. બીજાને પણ જાણ કરવુ જરૂર એક સરસ કામનુ ઉદાહરણ બની રહેશે અને આવા દુઃખદ ઘટનાને અટકાવવા સફળતા મળી રહેશે. પ્રસંગ ના હરખ પડુદા ના થઈએ. અને વડીલો ની વાત ને ધ્યાન લઈએ

લી..એક શોકાતુર શુભ ચિંતક પરિવાર

પશ્ચિમ કરછ સમાજ ઝોન- સ્નેહ મિલન

==========

શ્રી પશ્ચિમ કરછ સમાજ ઝોન નું સ્નેહ મિલન તાઃ-૨૮/૧૧/૨૧, રવિવાર ના બપોરનાઃ- ૩:૦૦ કલાકે શ્રી પાટીદાર વિદ્યાર્થી ભવન- નખત્રાણા ખાતે રાખવામાં આવેલ છે.
આ પ્રસંગે શ્રી કેન્દ્રીય સમાજ ના હોદ્દેદારો અને કારોબારી સભ્યો, ઝોનના પ્રતિનિધિશ્રીઓ, ધટક સમાજ, યુવક મંડળ, મહિલા મંડળ ના હોદ્દેદારો, મહિલાસંઘ, યુવાસંઘ ના હોદ્દેદારો ને ખાસ ઉપસ્થિત રહેવા વિનંતી..

પ્રવક્તાઃ-શ્રી પશ્ચિમ કરછ સમાજ ઝોન
શાંતિલાલ નાકરાણી મોઃ-૯૪૨૮૪૭૦૭૭૨

અબડાસા માંથી નખત્રાણા વિધાનસભા સીટ અલગ બની શકે. પર વર્ષ બાદ ગુજરાતમાં ધારાસભ્યોની સંખ્યા ૧૮૨ થી વધીને ૨૩૦ થશે , ૪૭ વર્ષ બાદ સાંસદોની સંખ્યા ૨૬ થી વધી ૪૪ એ પહોંચશે

કચ્છ અને મોરબી ના સાંસદ અલગ અલગ હશે અને કચ્છ માં પણ ૦૨ સાંસદ હોવાની પુરી સંભાવના.

ગુજરાતમાં વિધાનસભા અને લોકસભાની બેઠકોમાં વધારો થવાની શક્યતા છે .ચૂંટણીપંચનાં સૂત્રોએ કહ્યું હતું કે ગુજરાતમાં નવા સીમાંકન બાદ વિધાનસભાની હાલની ૧૮૨ બેઠક વધીને ૨૩૦ થઈ શકે , જ્યારે લોકસભાની ૨૬ બેઠક વધીને ૪૪ થવાનો અંદાજ છે . ગુજરાતમાં ૨૦૨૭ ની વિધાનસભા ચૂંટણીમાં અને લોકસભા ૨૦૨૯ ની ચૂંટણીમાં આ બેઠકો વધી શકે છે . આ પહેલાં ગુજરાતમાં છેલ્લે ૧૯૭૫ માં ૧૮૨ સીટ નક્કી કરવામાં આવી હતી,જ્યારે ૧૯૮૦ ની લોકસભા ચૂંટણીમાં ૨૪ બેઠક હતી . આમ , ૫૨ વર્ષ બાદ પહેલીવાર ગુજરાતમાં ધારાસભ્યોની સંખ્યા વધીને ૨૩૦ થઈ જશે . જ્યારે ૪૭ વર્ષ બાદ સાંસદોની સંખ્યા ૪૪ થઈ જશે . ગુજરાતમાં હાલ ૨૦૦૧ ની વસતિના આધારે ૨૦૦૬ માં સીમાંકન કરવામાં આવ્યું છે.

ગુજરાત વિધાનસભામાં ૨૩૦ બેઠકની વ્યવસ્થા

ગુજરાત વિધાનસભાનું ૨૦૧૮ માં રિનોવેશન કરવામાં આવ્યું હતું , જે અંતર્ગત ગૃહની હાલની બેઠક વ્યવસ્થા ૧૮૨ થી વધારીને અંદાજે ૨૩૦ કરવાની વ્યવસ્થા કરી હતી . જ્યારે નવા સંસદભવનનો સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ શરૂ થઈ ગયો છે. સેન્ટ્રલ વિસ્ટા પરિયોજનાની સપ્ટેમ્બર , ૨૦૧૯ માં જાહેરાત થઈ હતી . એમાં સંસદની નવી ત્રિકોણીય ઈમારત હશે , જેમાં એકસાથે લોકસભા અને રાજ્યસભાના ૯૦૦ થી ૧૨૦૦ સાંસદ બેસી શકશે , જેનું ૭૫ મા સ્વતંત્રતા દિવસ પર ઓગસ્ટ ૨૦૨૨ સુધીમાં પૂરું કરી લેવાશે .

કચ્છ અને મોરબી ના સાંસદ અલગ અલગ હશે અને કચ્છ માં પણ ૦૨ સાંસદ હોવાની પુરી સંભાવના.

૧૦ લાખની વસતિએ એક સાંસદ હોવો જરુરી

દેશમાં નવા સંસદભવનની રચના સાથે વધુ સાંસદોને બેસવાની વ્યવસ્થા કરવામાં આવી છે અને ૨૦૨૬ માં ડિલિમિટેશન પણ આવી રહ્યું છે અને એનો સૌથી મોટો ફાયદો ભાજપને મળશે એવા સંકેત છે. નિયમ મુજબ દર ૧૦ લાખની વસતિએ એક સાંસદ હોવો જરૂરી છે અને ૨૦૧૯ માં ૮૮ કરોડ મતદારો હતા અને તેથી ૮૮૮ સાંસદ જરૂરી છે. સરકાર દ્વારા બંધારણની કલમ ૮૧ મુજબ જે ડિલિમિટેશન કરવામાં આવે છે એ ૨૦૨૬ માં કરવામાં આવશે અને એ સમયે લોકસભામાં ૮૮૮ સાંસદ હશે .

સૌથી વધુ ઉત્તરપ્રદેશના ૧૪૩ સાંસદ હશે

જેમાં સૌથી વધુ ઉત્તરપ્રદેશના ૧૪૩ અને ત્યાર બાદ મહારાષ્ટ્ર , પશ્ચિમ બંગાળ , બિહાર , રાજસ્થાન , મધ્યપ્રદેશ , કર્ણાટક , તામિલનાડુ , જે ભવિષ્યમાં ૪૪ થશે ગુજરાત અને તેલંગાણાના સાંસદ હશે . ગુજરાતમાં હાલ ૨૬ સાંસદ છે ,આમ , ૧૮ વધુ સાંસદોની ભેટ ગુજરાતને મળશે અને એને કારણે લોકસભામાં હાલના તર્કની દૃષ્ટિએ ૫૧૫ સાંસદ ભાજપના હોય શકે છે . સ્થાપના સમયે ગુજરાતમાં ૧૩૨ બેઠક હતી ગુજરાતની સ્થાપના સમયે વર્ષ ૧૯૬૦ માં ગુજરાત વિધાનસભાની ૧૩૨ બેઠક હતી . ત્યાર બાદ ૧૯૬૨ માં ૧૫૪ સભ્યોની સંખ્યા નિયુક્ત થઈ અને ૧૯૬૭ માં ૧૬૮ ધારાસભ્ય અને એ પછી ૧૯૭૫ માં ૧૮૨ ધારાસભ્યની સંખ્યા નક્કી થઈ હતી , જે આજદિન સુધી યથાવત્ છે .

મિશન રાજકીય જાગૃતિ

આગામી સમયે કકપા ના સાંસદ કચ્છ માંથી હોઈ જ શકે છે ને ધારાસભ્ય પણ એ આવનારા નવા સીમાંકન ના આધાર પર કહી શકાય છે. અહીં એ જોવાનું છે આ બધું તોજ શક્ય બનશે રાજકીય ટીમ જાગૃત હોય અને સમાજ વ્યવસ્થા માં પણ આ અભિગમ શુનિશ્ચિત હોય જે પરિણામ સાર્થક કરી શકે..

ભાવભીની શ્રદ્ધાંજલી-સનાતન ધર્મ પત્રિકા

તા. ૨૫/૧૧/૨૦૨૧ ગુરુવાર
સ્વ. બિપીનભાઈ હરજીભાઈ ચૌહાણ ઉંમર : ૫૪ વર્ષ
કચ્છ માં ગામ : કાદીયા (મોટા)હાલે : ઉમરેઠ, તા. આણંદ
અવસાન કારણ : માંદગી ના કારણે

તારીખ : ૨૬/૧૧/૨૦૨૧ શુક્રવાર
સ્વ. મનજીભાઈ વાલજીભાઈ માનાણી ઉંમર : ૯૨ વર્ષ
કચ્છ માં ગામ : વિથોણ (સ્થાનિક) અવસાન કારણ : કુદરતી, નૈસર્ગિક
તારીખ : ૨૭/૧૧/૨૦૨૧ શનિવાર

તારીખ : ૨૭/૧૧/૨૦૨૧ શનિવાર
સ્વ. અરૂણભાઈ (બાબુભાઈ) વિશ્રામભાઈ રૂડાણી ઉંમર : ૭૦ વર્ષ
કચ્છમાં ગામ : દેવીસર
હાલે : Howrah હાવડા

સ્વ. કમળાબેન શંકરલાલ રામાણી
કચ્છમાં ગામ : નાના કાદિયા
હાલે : પીંપલગાવ (નાસિક)

સ્વ. કુવરબેન મનજીભાઈ સાંખલા ઉંમર : ૯૫ વર્ષ
કચ્છમાં ગામ : ઐયર હાલે : હેલેગેરે, મંડયા (કર્ણાટક)
અવસાન કારણ : કુદરતી, નૈસર્ગિક

પરમકૃપાળુ પરમાત્મા સદગતના દિવ્ય આત્મા ને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના,
શ્રી સમાજ સનાતન ધર્મ પત્રિકા ની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા ભાવ પૂર્ણ શ્રદ્ધાંજલિ
ૐ શાંતિ શાંતિ શાંતિ ....